# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23-06-2025** **Morning : 7.10 to 7.20**
**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **કડી અને વિસાવદર વિધાનસભા બેઠકોની પેટા ચૂંટણીનું આજે પરિણામ.**
2. **રાજ્યની ગ્રામ પંચાયતોની ચૂંટણીઓમાં સરેરાશ 72 ટકા મતદાન નોંધાયું.**
3. **અમદાવાદ વિમાન દુર્ઘટનામાં 251 મૃતકોનાં DNA સેમ્પલ મેચ થયા, ૨૪૫ પાર્થિવ દેહ પરિવારજનોને સોંપાયા.**
4. **આજથી ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ 10 અને ધોરણ 12ની પુરક અને પુનઃ પરીક્ષા.**
5. **આજે રાજ્યનાં મોટા ભાગનાં જિલ્લાઓમાં ભારે વરસાદની હવામાન વિભાગની આગાહી.**

------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# ASSEMBLY BYE ELECTION RESULT

કડી અને વિસાવદર વિધાનસભા બેઠકોની 19મી જૂને યોજાયેલી પેટાચૂંટણીની મતગણતરી આજે હાથ ધરવામાં આવશે. વિસાવદર બેઠક પર ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે પ્રતિષ્ઠાભર્યો જંગ છે.

વિધાનસભા બેઠકની મતગણતરી જૂનાગઢની કૃષિ ઇજનેરી અને ટેકનોલોજી કોલેજ ખાતે થશે. કડી વિધાનસભા મતવિસ્તારની મતગણતરી મહેસાણાના મેવડ સ્થિત ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી ઇન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજી એન્ડ રિસર્ચ ખાતે થશે. પ્રથમ પોસ્ટલ બેલેટની ગણતરી થશે. ઉલ્લેખનીય છે કે, વિસાવદર બેઠક માટે અંદાજિત **56.89** ટકા અને કડી બેઠક પર **57.90 %** મતદાન નોંધાયું હતું.

# GRAM PANCHYAT ELECTION

રાજ્યમાં ગઇકાલે ગ્રામ પંચાયતોની સામાન્ય અને પેટા-ચૂંટણી માટે શાંતિપૂર્ણ વાતાવરણમાં મતદાન સંપન્ન થયું. ચૂંટણી પંચની યાદી પ્રમાણે ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં સરેરાશ 72 જેટલું મતદાન નોંધાયું.

રાજ્યના અનેક જિલ્લાઓમાં 70 ટકાથી વધુ મતદાન નોંધાયું હતું. સાંજે 5 વાગ્યા સુધીમાં મહેસાણા જિલ્લામાં 71.33 ટકા મતદાન, કચ્છમા 69.75% મતદાન, બનાસકાંઠામાં સામાન્ય બેઠકો માટે 80.32 જ્યારે પેટા ચૂંટણીમાં 61.25% ,ડાંગમા ૮૧ ટકા સરેરાશ મતદાન નોંધાયું.

તાપી જિલ્લામાં સાંજે 5 કલાક સુધીમાં સામાન્ય બેઠકો માટે 71.11 ટકા જ્યારે પેટા ચૂંટણીમાં 69.19 ટકા ,પંચમહાલ જિલ્લામાં સામાન્ય બેઠકો માટે 71.61% અને પેટા ચૂંટણીમાં 67.61% તો સુરેન્દ્રનગર જિલ્લામાં 77 ટકા સરેરાશ મતદાન, છોટાઉદેપુરમાં **67.83** ટકા અને વલસાડમાં **72.97 %** મતદાન નોંધાયું. બોટાદ જિલ્લામાં સામાન્ય બેઠકો માટે અંદાજે ૭૩.૨૩ ટકા મતદાન નોંધાયું જ્યારે પેટા ચૂંટણીમાં અંદાજે ૬૩.૮૧ ટકા મતદાન નોંધાયું છે. અમદાવાદ જિલ્લામાં 44 ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે 73 ટકા મતદાન થયું હતું.

મોરબી જિલ્લામાં ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં પહેલી વાર મતદાન કરી રહેલા મતદારોમાં અનોખો ઉત્સાહ જોવા મળ્યો હતો. ગામના વિકાસ કાર્યો અને પ્રાથમિક સુવિધાઓ વહેલી તકે પૂર્ણ થાય તેવી અપેક્ષા સાથે મત આપનાર યુવતીએ પોતાની પ્રતિક્રિયા આપી.

**(બાઈટ: FIRST-TIME VOTER)**

સાબરકાંઠાની ઝીઝવા અને દાહોદની મોટીહાંડી ગ્રામપંચાયતની ચૂંટણીમાં મતપત્રોમાં ક્ષતિ જણાતા આ બંને બેઠક માટે આવતીકાલે ફેર મતદાન યોજાશે. બીજી તરફ નર્મદાની બોરિદ્રા, પંચમહાલની ભુવર, છોટાઉદેપુરની રૂમાડિયા બેઠક પર હરીદ ઉમેદવારનું અવસાન થતા ચૂંટણી રદ કરાઇ છે.

રાજ્યની 8 હજારથી વધુ ગ્રામ પંચાયતોમાં 3 હજાર 656 સરપંચની જગ્યાઓ અને 16 હજાર 224 સભ્ય બેઠકો માટે મતદાન યોજાયું.

# PLANE CRASH DNA SAMPLE

અમદાવાદ વિમાન દુર્ઘટનામાં અત્યાર સુધી 251 મૃતકોનાં DNA સેમ્પલ મેચ થયા છે, જેમાંથી 245 પાર્થિવ દેહ પરિવારજનોને સોંપાવામાં આવ્યા છે, એમ સિવિલ હોસ્પિટલ સુપ્રિન્ટેન્ડેન્ટ ડોક્ટર રાકેશ જોશીએ જણાવ્યું હતું.

ગઈ કાલે પત્રકારો સાથેની વાતચીતમાં તેમણે જણાવ્યું કે, DNA સેમ્પલ મેચિંગની પ્રક્રિયા અત્યંત સંવેદનશીલ હોવાથી અને કાયદાકીય બાબતો પણ સંકળાયેલી હોવાથી આ પ્રક્રિયા ખૂબ જ ગંભીરતાપૂર્વક અને ઝડપથી પૂર્ણ કરવામાં આવી રહી છે.

આ અંગે ડોક્ટર જોષીએ વધુ માહિતી આપી.......

**(BYTE: DR RAKESH JOSHI)**

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

....................................

# RATHYATRA MORNING

27મી જૂને અમદાવાદમાં ભગવાન જગન્નાથની 148મી રથયાત્રાની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. ગઈ કાલે શહેરના પોલીસ કમિશનર જી.એસ.મલિકે જગન્નાથ મંદિરની મુલાકાત લીધી હતી. રથયાત્રાના સમગ્ર રૂટનું નિરીક્ષણ કર્યું હતું.

શ્રી મલિકે જણાવ્યું કે, રથયાત્રાનાં બે દિવસ પહેલાંથી પોલિસ દ્વારા સમગ્ર રૂટ પર રિહર્સલ કરવામાં આવશે અને બેંગલુરુ જેવી ધક્કામુક્કીની ઘટના ન બને તે માટે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ-એઆઇની મદદ લેવામાં આવી છે.

શ્રી મલિકે સલામતી વ્યવસ્થા અંગેની માહિતી આપી........

**(BYTE: G S MALIK COMMISSIONER)**

# BOARD RE EXAM

આજથી ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ 10 અને ધોરણ 12ની પુરક અને પુનઃપરીક્ષા શરૂ થશે. આ પરીક્ષા માટે કુલ બે લાખથી વધુ વિદ્યાર્થીઓ નોંધાયા છે. આ પરીક્ષાઓ ત્રણ જુલાઈ સુધી ચાલશે. આ વર્ષે પ્રથમ વાર ધોરણ 10 અને 12માં તમામ વિષયોમાં પૂરક પરીક્ષા લેવાઈ રહી છે.

એકથી વધુ વિષયોમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની પૂરક પરીક્ષા લેવાશે, જ્યારે અગાઉ પાસ થયેલા વિદ્યાર્થીઓ માટે બેસ્ટ ઓફ ટુની સ્કીમ અંતર્ગત પરિણામ સુધારા માટે પરિક્ષા લેવાશે.

# VOICE CAST INTERNATIONAL OLYMPIC DAY

**આજે 'આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક દિવસ' છે. આ દિવસ ઉજવવા પાછળનો હેતુ લોકોને રમતગમત માટે પ્રેરિત કરવાનો અને ઓલિમ્પિક મૂલ્યોને પ્રોત્સાહન આપવાનો છે.**

**સાંભળએ એક અહેવાલઃ………**

## (VOICE CAST ANIL PATEL OLYMPIC)

*આજે વિશ્વભરમાં આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક દિવસ ઉજવવામાં આવી રહ્યો છે. પ્રથમ ઓલિમ્પિક દિવસ 23 જૂન, 1948નાં રોજ ઉજવવામાં આવ્યો હતો.ઓલિમ્પિક દિવસની ઉજવણી દ્વારા શારિરીક અને માનસિક સ્વાસ્થ્યને પ્રોત્સાહન આપવામાં આવે છે. રમતગમત સ્વસ્થ જીવનશૈલી અને વૈશ્વિક ભાઇચારાનું પ્રતીક પણ છે.ભારતે વર્ષ ૨૦૩૬માં ઓલિમ્પિક ગેમ્સ યોજવા માટે દાવેદારી નોંધી છે, ત્યારે રાજ્યમાં રમતગમત ક્ષેત્રે આંતરરાષ્ટ્રીયકક્ષાની સુવિધાઓનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. રાજ્ય સરકારે આ વર્ષે બજેટમાં રમતગમત માટે એક હજાર કરોડ રૂપિયાથી વધુની જોગવાઈ કરી છે.*

*અનિલ પટેલ, સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ*

# RAIN

**રાજ્યનાં 159 તાલુકામાં ગઈ કાલે સવારે છથી આજે સવારે ચાર વાગ્યા દરમિયાન હળવોથી મધ્યમ વરસાદ નોંધાયો છે. સૌથી વધુ સાત ઇંચ વરસાદ જામનગરના જોડિયા તાલુકામાં પડ્યો, જ્યારે જુનાગઢના મેંદરડા તાલુકામાં છ ઇંચ અને અમીરગઢ, કેશોદમાં 5-5 ઇંચ અને કાલાવડ, વંથલી, પલસાણા, જુનાગઢ અને માણાવદરમાં ચાર-ચાર ઇંચ વરસાદ પડ્યો છે.**

હવામાન વિભાગે છ દિવસ માટે રાજ્યમાં વરસાદની શક્યતા વ્યક્ત કરી છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ જણાવ્યું કે, આજે બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, અમદાવાદ, અરવલ્લી, ગાંધીનગર, પંચમહાલ, દાહોદ ઉપરાંત, સૌરાષ્ટ્રમાં પોરબંદર, જામનગર, જૂનાગઢ અને દ્વારકા અને દક્ષિણ ગુજરાતનાં અનેક જિલ્લામાં ભારે વરસાદની સંભાવના છે.

# BANASKANTHA ROAD REPAIR

બનાસકાઠામાં આંબા ઘાટા- દાંતા માર્ગ પર ભારે વરસાદ બાદ ભૂસ્ખલનને કારણે બંધ થયેલ રસ્તાને યુદ્ધના ધોરણે મરામત કરીને પુનઃશરૂ કરાયો છે. રાજ્યના માર્ગ અને મકાન વિભાગ દ્વારા તાત્કાલિક કામગીરી શરૂ કરીને આ રોડને પૂર્વવત કરાયો હતો. તંત્ર દ્વારા આગામી દિવસોમાં પણ વરસાદના સમયમાં અસુવિધા ન થાય તે માટે જરૂરી તકેદારીના પગલાં લેવાનું શરૂ કરવામાં આવ્યું છે.

.......................................